# ધોરણ ૭ના વિદ્યાર્થીઓની વાચન-ક્ષમતાનો અભ્યાસ

ડૉ. ભાવનાબેન એમ. પટેલ
આસી. પ્રોફેસર,
રેવાબા સાર્વજનિક ઍજ્યુ. કૉલેજ, મહેસાણા

## એબ્સ્ટ્રેક્ટ

વિકસતા યુગમાં અનેક દિશાઓમાં જ્ઞાનનો વિસ્ફોટ થઈ રહ્યો છે. ત્યારે બધી જ દિશાઓને પામવી તે કોઈ એક વ્યક્તિ માટે શક્ય નથી. અલબત શિક્ષણના વ્યવસાયમાં સંકળાયેલ શિક્ષકની પાસે વાચન ભૂખની અપેક્ષા રહે તે સ્વાભાવિક છે તો જ તે જ્ઞાન વિસ્ફોટની ગતિને પહોંચી વળે તેવી નવી પેઢીનું નિર્માણ કરી શકે. આ સંજોગોમાં ફક્ત વાચન માત્ર નહીં પરંતુ શિક્ષકની અર્થગ્રહણક્ષમતા અત્યંત મહત્વની બની રહે છે. તો જ તે વિદ્યાર્થીઓની ગુજરાતી વાચનક્ષમતા વિકસાવી શકે.

પ્રસ્તુત અભ્યાસ એ ધોરણ - ૭ના વિદ્યાર્થીઓની ગુજરાતી વાચનક્ષમતા અંગેનો છે. પ્રસ્તુત સંશોધન મહેસાણા તાલુકાની પ્રાથમિક શાળાઓના ધોરણ ૭ માં વર્ષ ૨૦૧૬- ૧૭માં અભ્યાસ કરતા બાળકો પૂરતું સીમિત છે. સંશોધનનાં ચલો તરીકે ધોરણ , જાતિ ,વિસ્તાર , વાચનક્ષમતા છે. નમૂના તરીકે કુલ ૨૮૮ પાત્રો છે. ઉપકરણ તરીકે વાચનક્ષમતા કસોટીનો ઉપયોગ કર્યો છે. સર્વેક્ષણ પદ્ધતિને પ્રસ્તુત અભ્યાસની પદ્ધતિ તરીકે લેવામાં આવી હતી. t- કસોટી દ્વારા માહિતીનું અંકશાસ્ત્રીય પૃથક્કરણ કરવામાં આવ્યું હતું.

## ૧. પ્રસ્તાવના

વાચન એ જ્ઞાનનું પ્રવેશદ્વાર છે. વાચન એ વિચારોનું ઉદ્ગમસ્થાન છે.માહિતી આપે છે. વિચારવાની શક્તિમાં વધારો કરે છે. વાચન એ આ જમાનામાં ફુરસદનો સમય પસાર કરી જ્ઞાન મેળવવાનું ઉત્તમ સાધન છે. વાચનથી નવા નવા ગુણો, ટેવો, વલણો, રસો વગેરે વિકસે છે. વાચન એટલે જીવન જીવવાની અને માણવાની જડીબુટ્ટી. ભગવાન સ્વામીનારાયણે કહ્યું છે કે 'પુસ્તકપ્રેમી શ્રીમંત હોય છે.' "વાચન એટલે જીવનને ખુશખુશાલ બનાવવાની કડી." વાચન વ્યક્તિને નવી દિશા આપે છે. નિષ્ફળ વ્યક્તિને સફળ વ્યક્તિ બનાવે છે. વ્યક્તિના ભવિષ્યનો આધાર વાચન પર રહેલો છે. વ્યક્તિના જીવનને પ્રગતિશીલ, પ્રકાશમય, આનંદમય, આદર્શમય અને સંસ્કારમય બનાવવાનો કોઈ ઉપાય હોય તો તે વાચન છે.

આમ, વાચન એ જ આપણી બુદ્ધિને કુશાગ્ર બનાવે છે. નવું જાણવાની અને વિચારવાની સમજણ વાચન દ્વારા પ્રાપ્ત થઈ શકે છે. જીવનમાં કોઈપણ બાબતની પ્રગતિ કરવી હોય તો તે વાચન દ્વારા જ તેના દ્વાર ખોલી